પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૧૬૪ | ૨૫ ઓગસ્ટ, ૨૦૨૨, ગુરૂવાર; શ્રાવણ વદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

નીતિશ-તેજસ્વીની સરકારે વિશ્વાસનો મત મેળવ્યો

બિહારમાં ફ્લોર ટેસ્ટ દરમિયાન ભારે હોબાળો : હોબાળો એટલો વધ્યો કે ભાજપના ધારાસભ્યોએ ફ્લોર ટેસ્ટનો બહિષ્કાર કરી સભાગૃહની બહાર ચાલ્યા ગયા

પટના, તા.૨૪

બિહાર વિધાનસભામાં આજે નીતીશ કુમાર અને તેજસ્વી યાદવની સરકારે બહુમત સાબિત કરી દીધુ છે પરંતુ ફ્લોર ટેસ્ટ દરમિયાન ખૂબ હોબાળો પણ થયો. હોબાળો એટલો વધી ગયો હતો કે ભાજપના ધારાસભ્યોએ ફ્લોર ટેસ્ટનો બહિષ્કાર કરી દીધો અને તેઓ સભાગૃહની બહાર ચાલ્યા ગયા. ફ્લોર ટેસ્ટ દરમિયાન સીએમ નીતીશ કુમાર અને ડેપ્યુટી સીએમ તેજસ્વી યાદવે ભાજપ નિશાન સાધ્યુ. નીતીશ કુમારે કહ્યુ કે ૨૦૨૦માં તેઓ સીએમ બનવા ઈચ્છતા નહોતા પરંતુ ભાજપે દબાણ કર્યુ હતુ.

બહુમત હોવા છતાં સત્તા પક્ષે મતદાન કરવાની માગ કરી હતી જ્યારે ભાજપનુ કહેવુ હતુ જ્યારે ધ્વનિમતથી વિશ્વાસનો પ્રસ્તાવ પાસ થઈ ગયો છે તો વોટિંગની શુ જરૂર છે પરંતુ મતદાન થયુ અને ભાજપે વોટિંગનો બહિષ્કાર કર્યો. મતદાનમાં નીતીશ કુમારમાં પક્ષમાં ૧૬૦ વોટ પડ્યા. વિશ્વાસનો મત જીતી જતા નિતીશકુમારની સરકારે હાશકારો અનુભવ્યો હતો. સમગ્ર દિવસ દરમિયાન ભારે રાજકીય ઉત્તેજના વચ્ચે મહાગઠબંધન સરકાર યથાવત રહી હતી.

આરજેડીના ૪ નેતા, તેજસ્વીના મોલ પર સીબીઆઈના દરોડા

સીબીઆઈએ જમીન કૌભાંડની તપાસ ઝડપી કરી : જોબ સ્કેમમાંથી મળેલી રકમનો ઉપયોગ આ મોલના નિર્માણમાં કરવામાં આવ્યાનો તપાસ એજન્સીનો દાવો

પટના, તા.૨૪

બિહાર વિધાનસભામાં નીતીશ કુમાર અને તેજસ્વી યાદવ સરકાર ફ્લોર ટેસ્ટમાં પાસ થઈ ગઈ છે છે. આ દરમિયાન સીબીઆઈએ રેલવેમાં નોકરીના બદલામાં જમીન કૌભાંડની તપાસ ઝડપી કરી છે. આ મામલે બિહારમાં આરજેડીના એમએલસી સુનિલ સિંહ સહિત ૪ નેતાઓના ઘર પર દરોડા પાડવામાં આવ્યા છે. એટલું જ નહીં આ તપાસનો વ્યાપ ગુરુગ્રામ સુધી પહોંચી ગયો છે અને તેજસ્વી યાદવના મોલ પર દરોડા પાડવામાં આવ્યા છે.

સીબીઆઈની ટીમ ક્યુબ્સ ૭૧ મોલ પર દરોડા પાડવા પહોંચી છે અને તપાસ હાથ ધરવામાં આવી છે. સીબીઆઈના સૂત્રોનું કહેવું છે કે, જોબ સ્કેમમાંથી મળેલી રકમનો ઉપયોગ આ મોલના નિર્માણમાં કરવામાં આવ્યો છે. કહેવામાં આવી રહ્યું છે કે, આ મોલ તેજસ્વી યાદવ અને તેના એક સહયોગીનો છે.

બુધવારે સવારે સીબીઆઈએ પટનામાં આરજેડીના એમએલસી સુનીલ સિંહ અને સાંસદ ફયાઝ અહેમદના ઘરે પણ દરોડા પાડ્યા છે. આ મામલામાં સીબીઆએ પટના, કટિહાર અને મધુબની સિવાય દિલ્હીમાં અનેક જગ્યાએ દરોડા પાડ્યા છે. આ સિવાય હરિયાણાના ગુરુગ્રામમાં તેજસ્વી યાદવના મોલ પર રેડ કરવામાં આવી છે. કેન્દ્રીય એજન્સી દ્વારા કુલ ૨૫ સ્થળો પર દરોડા પાડવામાં આવ્યા છે. આને લઈને રાજનીતિ પણ તેજ થઈ ગઈ છે અને આરજેડીએ તેને ભાજપની નારાજગી ગણાવી છે.

બિહારના પૂર્વ સીએમ રાબડી દેવીનું કહેવું છે કે, અમે આવા દરોડાથી ડરતા નથી. અમારી સામે આવું પહેલીવાર નથી થઈ રહ્યું. આ સિવાય તેજસ્વી યાદવે આ દરોડાઓનો જવાબ સદનમાં જ આપવાનું કહ્યું છે. તેમણે મીડિયાને કહ્યું કે તમે લોકો પણ સદનમાં જ રહો. આ બધી બાબતોનો જવાબ અમે ત્યાં જ આપીશું. આ સિવાય આરજેડીના રાજ્યસભા સાંસદ મનોજ ઝાએ કહ્યું કે, તેને ઈડી, આઈટી કે સીબીઆઈના દરોડા કહા ખોટા છે. આ ભાજપની જ રેડ છે.

જ્ઞાનવાપી કેસમાં ૧૨મીએ ચુકાદો

જ્ઞાનવાપીનો માલિક આલમગીર છે : મુસ્લિમ પક્ષ : મસ્જિદ બની રહી હતી તે સમયે ઔરંગઝેબનું શાસન હતું, સંપત્તિ પર ઔરંગઝેબનું નામ આલમગીર તરીકે છે

નવી દિલ્હી, તા.૨૪

જ્ઞાનવાપી-શ્રૃંગાર ગૌરી કેસમાં હવે એક નવી વાત સામે આવી છે. જિલ્લા કોર્ટમાં મંગળવારે મુસ્લિમ પક્ષે દલીલ કરી હતી કે, જ્ઞાનવાપીનો અસલી માલિક આલમગીર છે. દલીલમાં કહેવામાં આવ્યું છે કે, જે સમયે મસ્જિદ બની રહી હતી તે સમયે મુગલ શાસક ઔરંગઝેબનું શાસન હતું. આ સંપત્તિ પર પણ ઔરંગઝેબનું નામ આલમગીર તરીકે નોંધાયેલું છે. કોર્ટમાં ૨ કલાક ચાલેલી ચર્ચા દરમિયાન મુસ્લિમ પક્ષે પોતાની દલીલોમાં મુગલ શાસક ઔરંગઝેબનો વારંવાર ઉલ્લેખ કર્યો હતો અને સાથે જ કહ્યું હતું કે, આલમગીરે આ મિલકત આપી હતી અને જેના પર મસ્જિદ બનેલી છે. ત્યારે હવે શ્રીનગર ગૌરી જ્ઞાનવાપી મસ્જિદ વિવાદ કેસમાં કોર્ટે ૧૨ સપ્ટેમ્બર સુધી ચુકાદો અનામત રાખ્યો છે. બંને પક્ષોની સુનાવણી પૂર્ણ થઈ ગઈ છે. હવે ૧૨ સપ્ટેમ્બરે ચુકાદો સંભળાવવામાં આવશે.

મુસ્લિમ પક્ષના એડવોકેટ શામીમ અહેમદે કોર્ટમાં ૨૫ ફેબ્રુઆરી ૧૯૪૪ના રોજ રાજ્ય સરકારનું ગેઝેટ પણ રજૂ કર્યું છે. તેમણે દાવો કર્યો હતો કે, તત્કાલિન વકફ કમિશનરે વકફ મિલકતોની યાદી તૈયાર કરી હતી અને તેમાં જ્ઞાનવાપીનું નામ ટોચ પર હતું.

શિંદે-વિપક્ષના ધારાસભ્યોના આમને-સામને સૂત્રોચ્ચાર

શિંદે સમુહ વિરુદ્ધ "૫૦ ખોખે, એકદમ ઓકે" જેવી નારેબાજી, દરમિયાન બંને જુથ એકબીજા સામે ટકરાયા

મુંબઈ, તા.૨૪

મહારાષ્ટ્રમાં રાજકીય ગરમાવો યથાવત છે. બુધવારે મહારાષ્ટ્ર વિધાનસભા પરિસરમાં મુખ્યમંત્રી એકનાથ શિંદે જૂથના ધારાસભ્યો અને વિપક્ષના ધારાસભ્યો બંને પક્ષો તરફથી જોરશોરથી સૂત્રોચ્ચાર પણ કરવામાં આવ્યા હતા.

વિપક્ષના સૂત્રોચ્ચાર પર શિંદે જૂથ અને ભાજપના ધારાસભ્યો ગુસ્સે થયા હતા. ત્યારપછી બંને તરફથી જોરદાર નારેબાજી પણ કરવામાં આવ્યા હતા.

ઉદ્ધવ ઠાકરે વિધાન ભવન પહોંચ્યા હતા, ત્યાં વિપક્ષી દળોની બેઠક થઈ હતી અને ઉદ્ધવ ઠાકરે વતી દાવો કરવામાં આવ્યો હતો કે, મહા વિકાસ આઘાડી એક થઈ ગઈ છે. ભાજપ અને શિંદે જૂથના ધારાસભ્યો અગાઉની સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરી રહ્યા હતા.

મળતી માહિતી પ્રમાણે જ્યારે આ વિરોધ પ્રદર્શન થઈ રહ્યું હતુ ત્યારે આદિત્ય ઠાકરે, અજિત પવાર, બાલાસાહેબ થોરાટ પણ નારેબાજી કરી રહ્યાં હતા. આજ દરમિયાન શિંદે ગ્રૂપનાં ધારાસભ્ય દિલીપ પાંડે અને એનસીપીના ધારાસભ્ય અમોલ મિટકરી એકબીજા સાથે ઝઘડવા લાગ્યા હતા. જે બાદ બંને તરફથી નારેબાજી શરુ થઈ ગઈ હતી.

આ નારેબાજી દરમિયાન શિંદે સમુહ વિરુદ્ધ ૫૦ ખોખે, એકદમ ઓકે જેવી નારેબાજી પણ લગાવવામાં આવી, જે દરમિયાન બંને જુથ એકબીજા સામે અથડાયા હતા.

મહારાષ્ટ્ર વિધાનસભાનું મોનસૂત્ર સત્ર ૨૫ ઓગસ્ટથી પુરુ થઈ રહ્યું છે. વિપક્ષ એકનાથ શિંદેની નેતૃત્વવાળી સરકાર પર સતત નિશાનો સાધવામાં આવી રહ્યો છે. તેમજ આને ગેરબંધારણીય હોવાનો દાવો પણ કરવામાં આવી રહ્યો છે.

આ વચ્ચે રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી એનસીપીના અધ્યક્ષ શરદ પવારના વિપક્ષી પાર્ટીઓથી પોત-

● અનુસંધાન પાન-૭ પર

IDBI બેંકમાંથી ૫૧% હિસ્સો વેચવાની સરકારની વિચારણા

આઈડીબીઆઈ બેંકમાં સરકાર અને એલઆઈસી સંયુક્ત રીતે ૯૪ ટકા હિસ્સો ધરાવે છે અને આ હિસ્સો કેવી રીતે વેચવો તે માટે પ્લાનિંગ ચાલુ છે

નવી દિલ્હી, તા.૨૪

કેન્દ્ર સરકાર આઈડીબીઆઈ બેંકનો ૫૧ ટકા હિસ્સો વેચવાની યોજના ધરાવે છે. આઈડીબીઆઈ બેંકને હાલમાં સરકારનો ટેકો છે અને તે તેમાં હિસ્સો ઘટાડવા માગે છે. આઈડીબીઆઈ બેન્કમાં સરકાર અને એલઆઈસી સંયુક્ત રીતે ૯૪ ટકા હિસ્સો ધરાવે છે. હવે આ હિસ્સો કેવી રીતે વેચવો તે માટે પ્લાનિંગ ચાલુ છે. બંને પાર્ટી આઈડીબીઆઈમાં અમુક હિસ્સો જાળવી રાખશે, પરંતુ મોટા ભાગનો સ્ટેક વેચી નાખશે. સૂત્રોએ જણાવ્યું કે મંત્રીઓની એક પેનલ દ્વારા આ ડીલનું સ્ટ્રક્ચર નક્કી કરવામાં આવશે. સરકાર અને એલઆઈસી સપ્ટેમ્બર મહિનામાં જ આઈડીબીઆઈ સ્ટ્હા માટે બિડ મગાવે તેવી શક્યતા છે. છેલ્લા ૧૨ મહિનામાં આઈડીબીઆઈ બેન્કનો શેર ૬.૩ ટકા વધ્યો છે. આ સાથે બેંકનું મૂલ્ય ૫.૩ અબજ ડોલર અથવા ૪૨૪.૭ અબજ રૂપિયા આંકવામાં આવે છે.

આ વિશે નાણા મંત્રાલય, આઈડીબીઆઈ બેન્ક કે એલઆઈસીએ કોઈ ટિપ્પણી કરી નથી. ઓથોરિટી સરકાર અને એલઆઈસીનો હિસ્સો વેચીને મેનેજમેન્ટનું કન્ટ્રોલ પણ જતું કરશે. રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા રોકાણકારોને આ બેંકમાં ૪૦ ટકાથી વધારે હિસ્સો ખરીદવાની છૂટ આપશે. ભારતમાં નોન-રેગ્યુલેટેડ કંપનીઓ બેન્કમાં ૧૦થી ૧૫ ટકા હિસ્સો ખરીદી શકે છે. જ્યારે તેનાથી વધારે હિસ્સો ખરીદવા માટે આરબીઆઈની મંજૂરી લેવી જરૂરી છે.

આરબીઆઈ દ્વારા આ નિયમમાં રાહત આપવામાં આવે તો સંભવિત ખરીદદારોને ઉત્તેજન મળશે અને સરકારની ખાનગીકરણની યોજના વધુ ઝડપથી આગળ વધશે. આ ઉપરાંત સરકાર ચાલુ વર્ષે ડિસઈન્વેસ્ટમેન્ટ દ્વારા ૬૫૦ અબજ રૂપિયા એકત્ર કરવા માંગે છે.

● અનુસંધાન પાન-૭ પર

બીએસ-૬ વાહનોમાં CNG અને LPG કિટ ફિટ કરવાની સરકારે મંજૂરી આપી

ભારતમાં બીએસ ૬ વાહનોની સંખ્યા લાખોમાં છે : અત્યારસુધી આ વાહનોમાં સીએનજી કીટ લગાવાનો નિયમ નહોતો

નવી દિલ્હી,તા.૨૪

સરકારે બીએસ-૬ના પેટ્રોલ અને ડીઝલ વાહનોમાં ઝ્રદ્ર અને ન્ઁ કિટના રેટ્રોફિટમેન્ટની મંજૂરી આપી છે. મંત્રાલયના આ નિર્ણયથી લાખો વાહનચાલકોને લાભ થશે. ફક્ત દિલ્હીમાં લગભગ ચાર લાખ વાહનમાલિકોને ફાયદો થશે. જો તમે બીએસ-૬ એન્જીનવાળી કારમાં ઝ્રદ્ર અને ન્ઁ લગાવવાનું વિચારી રહ્યા છો, તો તમે આ કામ કરાવી શકો છો. અગાઉ માત્ર બીએસ-૪ સુધીના એન્જિન વાહનોને કિટ લગાવવાની મંજૂરી આપવામાં આવી હતી. ભારતમાં બીએસ ૬ વાહનોની સંખ્યા લાખોમાં છે. અત્યારસુધી આ વાહનોમાં સીએનજી કીટ લગાવાનો નિયમ નહોતો. કેટલીય કંપનીઓના બીએસ ૬ વાહનોના મોડલ એવા છે, જેમાં ઝ્રદ્ર મોડલ નથી આવતા. રોડ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયએ એક નોટિફિકેશન બહાર પાડ્યું છે. આ નોટિફિકેશનમાં જણાવવામાં આવ્યું છે કે, બીએસ (ભારત સ્ટેજ)- ફૈં ગેસોલીન વાહનો પર ઝ્રદ્ર અને ન્ઁ કિટના રેટ્રોફિટમેન્ટ અને બીએસ-ફૈં ના મામલે ૩.૫ ટનથી ઓછા ડીઝલ એન્જિનને ઝ્રદ્ર અને ન્ઁ એન્જિનથી બદલી શકાય છે. આ નોટિફિકેશનમાં વધુમાં જણાવવામાં આવ્યું છે કે, ઝ્રદ્ર એક પર્યાવરણને અનુકૂળ ઈંધણ છે અને પેટ્રોલ તથા ડીઝલની સરખામણીએ કાર્બન મોનોક્સાઈડ, હાઈડ્રોકાર્બન, પાર્ટિક્યુલેટ મેટર અને ધુમાડાના ઉત્સર્જન સ્તરને ઓછું કરશે. મંત્રાલયે વધુમાં જણાવ્યું કે, હિતધારકો સાથે ચર્ચા વિચારણ કર્યા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે. ભારતમાં છેલ્લા ત્રણ મહિનાથી પેટ્રોલ અને ડીઝલની કિંમતો સ્થિર છે, પરંતુ આ કિંમત રૂ. ૧૦૦ની આસપાસ છે. લોકોએ પેટ્રોલ અને ડીઝલનો વધુ ખર્ચ ઉઠાવવો પડે છે.

કોંગ્રેસની યુટ્યુબ ચેનલ ડિલિટ થઈ ગઈ, ષડયંત્રની આશંકા

પક્ષે ટ્વીટ કરીને જાણકારી આપી : કોંગ્રેસે યુટ્યુબ અને ગૂગલ બંને સાથે સંપર્ક સાધ્યો અને પોતાની ચેનલને ફરીથી રીસ્ટોર કરવાની વાત કરી

નવી દિલ્હી, તા.૨૪

કોંગ્રેસ પાર્ટીની યુટ્યુબ ચેનલ ડિલીટ થઈ ગઈ છે. પાર્ટી તરફથી આ જાણકારી આપવામાં આવી છે. તપાસ કરવામાં આવી રહી છે કે આખરે કયા કારણોસર આ ચેનલ ડિલીટ થઈ છે. અત્યારે કોંગ્રેસે યુટ્યુબ અને ગૂગલ બંને સાથે સંપર્ક સાધ્યો અને પોતાની ચેનલને ફરીથી રીસ્ટોર કરવાની વાત કરી છે. જાહેર કરાયેલા નિવેદનમાં પાર્ટીએ કહ્યુ છે કે અમારી યુટ્યુબ ચેનલ ઈન્ડિયન નેશનલ કોંગ્રેસ ડિલીટ થઈ ગઈ છે. અમે તેને યોગ્ય કરવાનો પ્રયત્ન કરી રહ્યા છીએ. યુટ્યુબ અને ગૂગલની ટીમ સાથે વાતચીત ચાલુ છે. તપાસ થઈ રહી છે. સમજવાનો પ્રયાસ છે કે આ એક તકનીકી ખામી હતી કે પછી કોઈ ષડયંત્ર. આશા છે કે ટૂંક સમયમાં પાછા આવીશુ. અગાઉ પણ દેશના અમુક નેતાઓના ટ્વીટર એકાઉન્ટ હેક થતા જોવા મળ્યા છે પરંતુ એવુ ઓછુ જોવા મળ્યુ છે કે કોઈ પાર્ટીની આખી યુટ્યુબ ચેનલ જ ડિલીટ થઈ જાય. અત્યારે આનુ કોઈ કારણ સ્પષ્ટ નથી. કોંગ્રેસ પણ પોતાના સત્તાકીય નિવેદનમાં માત્ર તપાસની વાત કરી રહી છે. હેકિંગની શંકા ચોક્કસ વ્યક્ત કરાઈ છે પરંતુ હાલ કોઈ નક્કર જાણકારી સામે આવી નથી.

બેલગાવીમાં દીપડાના ડરે ૧૮ દિવસથી ૨૨ શાળા બંધ

બેલગાવી, તા.૨૪

યુપીમાં એક નરભક્ષી વાઘણે તાજેતરમાં હાહાકાર મચાવ્યો હતો અને વનખાતાએ તેને પકડયા બાદ લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો.

હવે કર્ણાટકમાં એક દીપડાએ લોકોનુ જીવવાનુ હરામ કરી નાંખ્યુ છે. દીપડાને પકડવા માટે મેગા ઓપરેશન શરૂ કરાયુ છે. પોલીસ અને વન વિભાગના ૨૦૦થી વધારે જવાનો તેમાં જોડાયા છે. સાથે સાથે બે હાથીઓને પણ તેમાં સામેલ કરાયા છે.

બેલગાવી શહેરમાં દીપડાનો એટલો આતંક છે કે લોકો પોતાના ઘરની બહાર નીકળતા ડરે છે. આ વિસ્તારની ૨૨ સ્કૂલો છેલ્લા ૧૮ દિવસથી બંધ છે.

સોનિયા ગાંધી મેડિકલ ચેકઅપ માટે રાહુલ-પ્રિયંકા સાથે વિદેશ જશે

કોંગ્રેસના મહાસચિવે માહિતી આપી : સોનિયા ગાંધી પોતાની બીમાર માતાને મળવા માટે જશે

નવી દિલ્હી, તા.૨૪

કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધી ટૂંક સમયમાં મેડિકલ ચેકઅપ માટે વિદેશ જશે અને પ્રિયંકા ગાંધી વાડ્રા અને રાહુલ ગાંધી તેમની સાથે જશે. કોંગ્રેસના સાંસદ અને મહાસચિવ (સંચાર), જયરામ રમેશે એક નિવેદન જાહેર કરીને આ અંગે માહિતી આપી હતી. જોકે, સોનિયા ગાંધી ક્યારે વિદેશ જશે તે અંગે તેમણે કોઈ સ્પષ્ટતા કરી નથી. જયરામ રમેશે વધુમાં કહ્યું હતું કે, રાહુલ ગાંધી ૪ સપ્ટેમ્બરે રામલીલા મેદાન ખાતે કોંગ્રેસ દ્વારા આયોજીત 'મોંઘવારી પર હલ્લા બોલ' રેલીમાં હાજર રહેશે. તેમણે એક નિવેદનમાં કહ્યું હતું કે, કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધી મેડિકલ તપાસ માટે વિદેશ જશે. તે પોતાની બીમાર માતાને મળવા માટે જશે અને બાદમાં ઘરે પરત ફરશે. તેમણે કહ્યું હતું કે, રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી પણ પોતાની માતા સાથે જશે. રાહુલ ગાંધી ૪ સપ્ટેમ્બરે કોંગ્રેસની રેલીને સંબોધિત કરશે. તમને જણવી દઈએ કે, સોનિયા ગાંધી હાલમાં જ કોરોના વાયરસથી સંક્રમિત થયા હતા. મેડિકલ તપાસ માટે તેમનો વિદેશ પ્રવાસ એવા સમયે થઈ રહ્યો છે જ્યારે કોંગ્રેસ 'ભારત જોડો' યાત્રા અને પાર્ટી અધ્યક્ષ પદ માટે ચૂંટણીની તૈયારી કરી રહી છે.

બેસણું

અમારા પરમ પૂજ્ય માતૃશ્રી
ગં.સ્વ.કુમુદબેન જનાર્દન જોષી (૮૬ વર્ષ)
તા.૨૧-૦૮-૨૦૨૨ને રવિવારના રોજ
સ્વર્ગવાસ થયેલ છે. પ્રભુ ને ગમ્યું તે ખરું.
સદ્ગતનું બેસણું તા.૨૫-૦૮-૨૦૨૨ને ગુરુવારે
સાંજે ૪:૩૦ થી ૬:૩૦ કલાકે રાખેલ છે.

સ્થળ : કડવા પાટીદાર સમાજની વાડી, સિવિલ હોસ્પિટલ પાસે, કલેક્ટર કચેરી સામે, સેક્ટર-૧૨, ગાંધીનગર.

સ્વ.જનાર્દન શાંતિલાલ જોષી

ભાર્ગવ જનાર્દન જોષી
અજયકુમાર જનાર્દન જોષી
મનોજકુમાર જનાર્દન જોષી
હર્ષ મનોજકુમાર જોષી

લિ.

દેવલબેન ભાર્ગવ જોષી
દેવસ્મિતા અજયકુમાર જોષી
નિષ્ઠા મનોજકુમાર જોષી
જહાનવી હર્ષ જોષી

ઉત્સવ ભાર્ગવ જોષી

તથા સમસ્ત જનાર્દન શાંતિલાલ જોષી પરિવારના જયશ્રી કૃષ્ણ